# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## સીધી ભરતીની જા.ક્ર.: ૩૨૯/૨૦૨૫૨૬ જુનિયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ સંવર્ગમાં જગ્યા વધારા અંગે તથા પરીક્ષા પદ્ધતિમાં થયેલ સામાન્ય ફેરફાર સંદર્ભે અરજી કરવાની સમયમર્યાદા લંબાવવા સુધારા જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને અને તબીબી શિક્ષણની કચેરીના ગ્રામ્ય આરોગ્ય શાખા હસ્તકના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતેની પેરામેડીકલ સંવર્ગની જુનિયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ સંવર્ગની કુલ-૨૦૯ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા જા.ક્ર.૩૨૯/૨૦૨૫૨૬, તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરી તા.૧૬/૧૨/૨૦૨૫ થી તા.૩૦/૧૨/૨૦૨૫ દરમ્યાન ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ હતા.

દરમ્યાનમાં આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી હસ્તકના, જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ સંવર્ગની કુલ-૧૧૨ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેનું માંગણીપત્રક મળેલ છે. જે અનુસાર જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીથી ભરવાની રહેતી જગ્યાઓમાં નોંધપાત્ર વધારો થાય છે. તેથી તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓમાં ૧૧૨ જગ્યાનો ઉમેરો થતો હોય કુલ-૩૨૧ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

આ સુધારા જાહેરાત અન્વયે હવે નીચે દર્શાવ્યા મુજબની ભરતી કરવા માટેની જગ્યાઓ સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાની રહેશે.

**૧. જગ્યાની વિગતો : જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩**

| સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ/ કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને અને તબીબી શિક્ષણની કચેરીના ગ્રામ્ય આરોગ્ય શાખા હસ્તકના સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૨૦૯ | ૧૦૪ | ૨૦ | ૧૦ | ૨૧ | ૫૪ | ૩૪ | ૦૬ | ૦૩ | ૦૬ | ૧૭ | ૦૦ | ૨૦ |
| | આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ/ તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી | ૧૧૨ | ૫૪ | ૧૧ | ૦૫ | ૧૮ | ૨૪ | ૧૭ | ૦૩ | ૦૧ | ૦૫ | ૦૭ | ૦૦ | ૧૧ |
| કુલ જગ્યા | | ૩૨૧ | ૧૫૮ | ૩૧ | ૧૫ | ૩૯ | ૭૮ | ૫૧ | ૦૯ | ૦૪ | ૧૧ | ૨૪ | ૦૦ | ૩૧ |

**નોંધ :**

(૧) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી હસ્તકના જુનિયર ફાર્માસીસ્ટ, વર્ગ–૩ સંવર્ગ માટેના ભરતી નિયમોથી નિયત શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા તથા પગાર ધોરણ એકસમાન હોઈ જા.ક્ર.૩૨૯/૨૦૨૫૨૬, જુનિયર ફાર્માસીસ્ટ, વર્ગ–૩ ની જાહેરાતમાં જગ્યા વધારો કરવામાં આવેલ છે.

(૨) અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારોએ (૧) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને અને તબીબી શિક્ષણની કચેરીના ગ્રામ્ય આરોગ્ય શાખા હસ્તકના સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને (૨) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરીમાં નિમણૂક માટે તેમની પસંદગીનો ક્રમ દર્શાવવાનો રહેશે.

(૩) અસલ પ્રમણપત્રોની ચકાસણી સમયે એકવાર મંડળને સબમિટ કર્યા પછી પસંદગીના ક્રમમાં કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(૪) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને અને તબીબી શિક્ષણની કચેરીના ગ્રામ્ય આરોગ્ય શાખા હસ્તકના સામૂહિક આરોગ્ય કેન્દ્રો અથવા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરીમાં ખાલી જગ્યાઓ તથા ઉમેદવારનો યોગ્યતાના ક્રમને ધ્યાનમાં રાખીને, ફાળવણી કરતી વખતે ઉમેદવારોની પસંદગીનો ક્રમ ધ્યાનમાં લેવામાં આવશે.

(૫) ઉક્ત સુધારા જાહેરાત અન્વયે **સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨ થી** નિયત થયેલ જોગવાઈઓ અનુસાર પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે.

**૨.** વધુમાં, જા.ક્ર.:૩૨૯/૨૦૨૫૨૬, જુનિયર ફાર્માસીસ્ટ, વર્ગ–૩ સંવર્ગની તા:૧૫/૧૨/૨૦૨૫ના રોજ મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહે છે.

(૧) જાહેરાતના **મુદ્દા નં. ૧૩ (૩) માં દિવ્યાંગતા પ્રમાણપત્ર** બાબતે નીચે મુજબની અદ્યત્તન જોગવાઈનો સમાવેશ કરવામાં આવે છે.

**૧૩. દિવ્યાંગ ઉમેદવારો:–**

(૩) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2 થી પરિપત્રિત થયા અનુસાર The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થયેલ હોય સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ પરિપત્રથી નિયત થયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ **અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના તા:૧૫/૧૨/૨૦૨૫ના પરીપત્ર ક્રમાંક:HFWD/MSM/e-file/7/2024/1833/A થી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકારના પરામર્શમાં દિવ્યાંગતાના પ્રમાણપત્રો નિયત કરવામાં આવેલ છે. આથી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા ઉક્ત પરીપત્રથી નિયત કરવામાં આવેલ**

**નમૂનામાં સક્ષમ કક્ષાએથી મેળવેલ દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે. (દિવ્યાંગતા પ્રમાણપત્રના નમૂના આ સાથે સામેલ છે.)**

(**નોંધ :** જે ઉમેદવારોએ તા.૧૬/૧૨/૨૦૨૫ થી તા.૩૦/૧૨/૨૦૨૫ દરમ્યાન ઓનલાઈન અરજી ફોર્મ ભરેલ છે તેઓએ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો મુજબના દિવ્યાંગતા પ્રમાણપત્રની સાથે તા:૧૫/૧૨/૨૦૨૫ના પરીપત્રથી નિયત થયા મુજબના નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.)

(૨) જાહેરાતના **મુદ્દા નં. ૨૧: પરીક્ષા પદ્ધતિ** બાબતે નીચે મુજબની અદ્યત્તન પદ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે.

## ૨૧. પરીક્ષા પદ્ધતિ:-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક અને **સામાન્ય વહીવટ વિભાગના તા:૧૬/૧૨/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક** થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નોવાળી CBRT/OMR (Computer Based Response Test/ Optical Mark Recognisation પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગના એક પ્રશ્નપત્રથી લેવામાં આવશે. આ પ્રશ્નપત્રના Part-A અને Part-B નું માળખું હવે નીચે મુજબ રહેશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

### Part – A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| ૩ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

### Part – B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૨) **Part-A** માં કુલ ૯૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

(૩) **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૪) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૫) પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૬) ફાઇનલ આન્સર કી માં કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

ઉપર્યુક્ત વિગતો અનુસાર **જગ્યા વધારા, દિવ્યાંગતાના પ્રમાણપત્રના સુધારા તથા પરીક્ષા પદ્ધતિમાં થયેલ સામાન્ય ફેરફારને ધ્યાને લેતાં, જે ઉમેદવારો ઉક્ત સમયમર્યાદામાં અરજી ફોર્મ ભરી શકેલ નથી, તેવા ઉમેદવારો તા.૦૮/૦૧/૨૦૨૬ (૧૪:૦૦ કલાક) થી તા.૧૭/૦૧/૨૦૨૬ (૨૩:૫૯ કલાક) દરમિયાન ઓનલાઈન અરજીપત્રક અને પરીક્ષા ફી ભરી શકશે તેમજ શૈક્ષણિક લાયકાત અંગેની કટઓફ તા.૧૭/૦૧/૨૦૨૬ રહેશે જ્યારે વયમર્યાદા માટે મૂળ જાહેરાતની કટઓફ તા.૩૦/૧૨/૨૦૨૫ ને ધ્યાનમાં લેવાની રહેશે.**

જાહેરાત ક્રમાંક : ૩૨૯/૨૦૨૫૨૬ અન્વયે ઉપર દર્શાવેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઈઓ/ બાબતો તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

**તારીખ: ૦૮/૦૧/૨૦૨૬** **સચિવ**

**સ્થળ: ગાંધીનગર** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**